## || ॐ શ્રી સાઈરામ ||

## || ॐ શ્રી સાઈ અપાન્તરાત્મને નમ: || (૨૩)

### જે કોઈપણ અંતર આત્માથી ભિન્ન નથી. એટલે જ આત્મતત્વ અને અંતર્યામી છે એવા અમારા શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

આ ભવસાગર પાર કરવા માટે શ્રી સાઈ આપણને સતત મદદ કરે છે. ભવસાગર પાર કરતી વખતે દુ: ખ, વેદના અને બીક (ડર) થી ત્રસ્ત એવા ભક્તોને શ્રી સત્યસાઈ સતત માર્ગદર્શન કરે છે અને તેથી શાંતિ અને આનંદરૂપી કિનારા પર પહોંચવું ભક્તને સરળ થઈ જાય છે.

કેવળ ૧૪ વર્ષની ઉમરે શ્રી સત્યસાઈએ પોતાનો અવતાર જાહેર કર્યો અને તેમનું પહેલું ભજન બધાને શીખવ્યું હતું તે

માનસ ભજ રે ગુરુચરણમ્ |

દુસ્તર ભવસાગર તરણમ |

(દુસ્તર આનો) ભવસાગર ભાવાર્થ તરી એવો જવો થાય ભક્તને છે કે કેવળ માટે સહજ ગુરુના શક્ય ચરણકમળ છે. પકડીને અઘરો

ઉપરનું વિધાન સત્ય કરી બતાવતી આ એક હૃદયસ્પર્શી કથા.

સુપ્રસિદ્ધ બેલે નર્તિકા અને દિગ્દર્શિકા અમલા શંકર ઓગસ્ટ ૧૯૯૭ માં પુટ્ટપર્તિ સર્વપ્રથમ ગયા, તે કેવળ તેમની 'મહામાનવ' ભગવાન બુદ્ધના જીવન ઉપર આધારિત નૃત્યનાટિકા નવેમ્બરમાં રજૂ કરવાની હતી એટલે.

સર્વ મહિલાઓ સાથે તેઓ દર્શન કરવા માટે બેઠાં હતાં. તે કેવળ ઔપચારિક રીતે. અન્યથા (માત્ર) તેમના મનમાં સ્વામી વિશે કોઈ પ્રકારનો ભક્તિભાવ નહોતો. ઉલટાનો કાંઇક પ્રતિકૂળ મત જ હતો. એટલામાં દર્શન દેવા માટે સ્વામી આવ્યા. સ્વામી સામેથી આવતા હતા તે વખતે તેમના ચાલવાની ઢબ જોઈને 'આ તો અધ્ધર જ ચાલતા આવે છે.' એવો વિચાર તેમના મનમાં આવ્યો. જેમ જેમ સ્વામી પાસે આવતા ગયા, તેમ તેમ તેમનું દૈવી રૂપ જોઈને તેમનો સ્વામી વિશેનો પ્રતિકૂળ મત

બદલાવા લાગ્યો. એટલામાં સ્વામી તેમની પાસે આવ્યા અને બોલ્યા - "ઉદય શંકરની પત્ની!" આ સાંભળતા જ આટલી મહિલાઓમાંથી સ્વામીએ મને કેવી રીતે ઓળખી? આ વિચાર મનમાં આવતા તે આશ્ચર્યચકિત થઈ ગયા. એટલામાં જ સ્વામીએ તેમની આંગળી મુલાકાત કક્ષ તરફ ચીંધી અને તે આગળ નીકળી ગયા. અમલા શંકરને તેનો અર્થ સમજાયો નહીં. ત્યારે બાજુમાં બેઠેલી મહિલાએ તેમને ઊઠીને મુલાકાત કક્ષ તરફ જવાનું કહ્યું.

જ્યારે અન્ય ભક્તોની સાથે તે મુલાકાત કક્ષમાં ગયા ત્યારે સ્વામીએ પોતે સામેની ખુરશી ખેંચીને તેની ઉપર અમલાને બેસવાનું કહ્યું અને બોલ્યા - 'તમારા ઘૂંટણ દુ:ખે છે ને? ડાબો ઘૂંટણ વધારે દુ:ખે છે?" ત્યાર બાદ સ્વામીજીએ અમલાજીના ઘરના બધાની પૂછપરછ કરી. તેમનો દીકરો આનંદ શંકર તેની તો વધારે પૂછપરછ કરી. અને અચાનક બોલ્યા - ''ધ્યાન રાખ! (યાદ રાખ) આનંદ તારા જીવનમાં ખૂબ જ મહત્ત્વનો છે." આ વાક્ય તેમણે ચાર વાર ઉચ્ચાર્યું. તે પછી અમલાજી તરફ વળીને સ્વામી બોલ્યા - 'તને શું જોઈએ છે?" તે બોલ્યા - 'તમારા આશીર્વાદ' સ્વામીએ ક્ષણાર્ધમાં એક સ્ફટિકની જપમાળા પ્રગટ કરી અને તેમની તરફ નાખતા બોલ્યા - (આશીર્વાદ) સ્વીકાર!'

ત્યાર પછી નવેમ્બર ૧૯૯૭ માં આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે અમલાજી તેમની ' મહામાનવ ' નૃત્ય નાટિકા લઈને પુટ્ટપર્તિ ગયા. આ નૃત્ય નાટિકા સ્વામીને ખૂબ જ ગમી, આગામી વર્ષે એટલે નવેમ્બર ૧૯૯૮ માં સીતા સ્વયંવર એ નૃત્ય નાટિકા લઈને તે ફરીથી પટ્ટપર્તિ ગયા. તે વખતે તેમની સાથે તેમનો પુત્ર આનંદ શંકર અને પુત્રી મમતા શંકર બન્ને હતાં. નૃત્યનાટિકા શરૂ થતા પહેલાં સ્વામી તેમની પાસે આવ્યા અને આનંદ શંકરનો હાથ પોતાના હાથમાં લઈને બોલ્યા-તું મારી સાથે રહીશ.'

આના પહેલાં પણ સ્વામીજીએ અમલાજીને પહેલી મુલાકાત વખતે " આનંદ તારા જીવનમાં ખૂબ મહત્વનો છે એમ કહ્યું હતું અને આજે પણ આનંદ સાથે વાતચીત કરતી વખતે" તું મારી સાથે રહીશ " એમ કહ્યું. આ બન્ને વાક્યનો અર્થ તે વખતે કોઈને સમજાયો નહીં. નૃત્યનાટિકા યશસ્વી થઈ. સ્વામીને ખૂબ ગમી. આ આનંદમાં જ બધા પુટ્ટપતિથી નીકળ્યાં.

ત્યાર પછીથી અમલાજી પુટ્ટપતિ જવા લાગ્યા. માર્ચ ૧૯૯૯માં  અચાનક આનંદ ઉપર એક શસ્ત્રક્રિયા કરવામાં આવી. શસ્ત્રક્રિયા પછી અમલાજીએ સ્વામીને પ્રાર્થના કરી. સ્વામીએ તેમને પોતાની પાસે બોલાવી લીધી. પરંતુ આઠ દિવસ સુધી સ્વામીએ અમલાજીની સાથે કોઈ સંભાષણ (વાતચીત) કર્યું નહીં. આઠમા દિવસે સ્વામીએ અમલા શંકરને પોતાની પાસે બોલાવીને વિમાનની

ટિકિટ આપીને તત્કાળ કલકત્તા રવાના (જવાનું) થવાનું કહ્યું. તેમના પુત્ર આનંદનું નિધન થયું હતું. જે અમલાજીના 'આનંદ નિધાન' હતા અને નામ પ્રમાણે જ પોતે આનંદી હતા, અને અન્યને પણ આનંદ દેતા હતા. તેમના પર થયેલો આ વજાઘાત જ હતો.

અમલાજી સાથેના કોઈએ સ્વામીને કહ્યું –'આમની સાથે કોઈએ જવું જોઈએ'. સ્વામી તરત જ બોલ્યા-"બીજું કોઈ તેમની સાથે જશે નહીં." તથા અમલાજીને કહ્યું-"હું પોતે તમારી સાથે આવવાનો છું." અને સંપૂર્ણ મુસાફરી દરમ્યાન તેમને સ્વામીનું અસ્તિત્વ જણાતું હતું. અમલાજીને શાંત અને અલિપ્ત(કાંઈક જુદુ જ) લાગતું હતું. જેમ કે કોઈ બીજી જ માતા પોતાના પુત્રના અંતિમ દર્શન લેવા માટે જતી હતી. તેમણે વિમાનમાંથી બહાર ડોકાઈને જોયું. તો તેમને નીચે કાળા વાદળ દેખાતાં હતાં અને ઉપર સોનેરી કિરણોવાળું આકાશ! અમલાજીને લાગ્યું જાણે સ્વામી કહે છે કે, આ જો સંક્ટોના કાળા વાદળ તારી નીચે છે' અને પરમેશ્વરી કૃપાનુ વરદાન તારા માથા ઉપર છે. આયુષ્ય આવું જ હોય છે. તેમાથી શું સ્વીકારવું તે તારા હાથમાં છે.

ઉપરની દુ:ખદ ઘટના વિશે બોલતા અમલાજી કહે છે - 'આજે મને સમજાય છે કે મારા જીવનમાં આનંદ કેમ મહત્ત્વનો હતો. ભગવાન બાબાએ તેમની પરમેશ્વરી કૃપાનો લાભ મને આપ્યો અને યોગ્ય માર્ગ ઉપર ચાલવાનું આત્મિક બળ પણ તેમણે જ આપ્યું.'

સ્વામી જે કહે છે – "પોતાનું કર્મ કરતા રહો. તે જ હવે હું કરું છું અને પરમેશ્વર સાથે એકરૂપ થતાં સુધી કરતી રહીશ."

જેવી રીતે અમલા શંકરને આ દુ:ખદ ભવસાગર તરી જવા સ્વામીએ સહાય કરી, તેવી જ રીતે આપણને પણ આ ભવસાગર તરી જવાનું બળ સ્વામી પાસેથી પ્રાપ્ત થાઓ, એ જ તેમના ચરણે પ્રાર્થના.

|| ૐ શ્રી સત્યસાઈનાથાર્પણમસ્તુ ||